આંક :– **૪૩૬.**

દાવા પ્રાપ્તિ તારીખ :	૨૦/૦૨/૨૦૦૪		
દાવા દાખલ તારીખ :	૨૦/૦૨/૨૦૦૪		
દાવા નિર્ણિત તારીખ :	૨૬/૦૮/૨૦૧૯		
અવધિ :	વર્ષ	માસ	દિવસ
	૧૫	**૦૬**	**૦૬**

જૂનાગઢના મહેરબાન મુખ્ય સિનિયર સિવિલ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુકામ – જૂનાગઢ.

સ્પેશ્યલ દિવાની મુકદમા નંબર : ૨૭/૨૦૦૪

વાદી : **અશોકકુમાર કાલીદાસ નાયક,**
ઉ.વ.આ. ૫૦, ધર્મે–હિન્દુ, ધંધો–વેપાર,
ઠે. ૨૩૮, આનંદનગર સોસાયટી, સેકટર–૨૭,
ગાંધીનગર – તે ફુલ્મા ઈલેકટ્રીકલ્સના પ્રોપરાઈટર,
વાદીના કુલ મુખત્યાર :
શ્રી જનકભાઈ પ્રાણજીવનદાસ સોમૈયા,
ઉ.વ.આ. ૩૯, ધર્મે–હિન્દુ, ધંધો–વેપાર,
ઠે. અક્ષય એપાર્ટમેન્ટ, વિદ્યુતનગર, વેરાવળ.

વિરૂધ્ધ.

પ્રતિવાદીઓ : (૧) **ભારત સંચાર નિગમ લીમીટેડ,**
સમન્સ–નોટિસ થ્રુ : જનરલ મેનજેરશ્રી,
ભારત સંચાર નિગમ લીમીટેડ,
ગેડા અગડ રોડ, જૂનાગઢ.

(૨) **ચીફ જનરલ મેનેજર,**
ભારત સંચાર નિગમ લીમીટેડ,
ઓફિસ ઓફ ધી જનરલ મેનેજર,
ટેલીકોમ ભવન, નવરંગપુરા, અમદાવાદ.

(૩) **હિન્દુસ્તાન કેબલ લીમીટેડ,**
૯, એન્જીન રોડ, કલકતા,
પીનકોડ : ૭૦૦ ૦૨૦.

દાવો : <u>હિસાબ ચોખ્ખો કરવા તથા વિજ્ઞાપન તથા કાયમી મનાઈ હુકમ મળવા તથા લેણી થતી રકમ મળવા અંગે</u>

ધારાશાસ્ત્રી :	વાદી તરફે વિ. વકીલશ્રી કે. બી. સંઘવી.
	પ્રતિવાદી નં.૧–૨ તરફે વિ. વકીલશ્રી એમ. વી. દિક્ષીત. પ્રતિવાદી નં.૩ તરફે વિ.વકીલશ્રી કે. યુ. ભુપતાણી.

<u>–:: ઠ રા વ ::–</u>

(૧) વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, ફુલ્મા ઈલેકટ્રીકલ્સના નામની પેઢીના પ્રોપરઈટર છે અને પ્રતિવાદી નં.૧–૨ ના ખાતામાં કેબલ પાથરાવાના લેબર કામના કોન્ટ્રાકટ રાખવાનો અને કામ કરવાનો ધંધો કરે છે. આ કામના પ્રતિવાદી નં.૧ ટેલીફોન સેલ્યુલર મોબાઈલ તથા ટેલીફોનની સેવા પુરી પાડી ધંધો કરે છે. ટેલીફોનની સેવા પુરી પાડવા માટે કેબલ અન્ડર ગ્રાઉન્ડ પાથરવા પડે છે અને તે કામગીરી માટે પ્રતિવાદી નં.૧–૨ ના ટેન્ડર બહાર પાડીને વાર્ષિક કોન્ટ્રાકટ આપે છે. પ્રતિવાદી નં.૧–૨ નાએ કેબલ પાથરવાનું ઓપ્ટીબલ ફાયબરનું લેબર કામ કરવા માટે કોન્ટ્રાકટ આપવા માટે જૂનાગઢ ખાતેથી જાહેર નિવિદા આપેલ જેના અનુસંધાને વાદીએ ટેન્ડર ભરેલું અને ત્યારબાદ પ્રતિવાદી નં.૧–૨ તરફથી કોન્ટ્રાકટ આપવામાં આવેલ, જેના અનુસંધાને વાદીએ જૂનાગઢ જિલ્લાની જુદી જુદી જગ્યાએ ટેલીફોન માટે અન્ડર ગ્રાઉન્ડ કેબલ પાથરવાનું કામ કરેલું અને આ ટેન્ડર માટે વાદીએ સિકયુરીટી ડીપોઝીટ માટે બેંક ગેરેંટી રૂા.૧,૯૫,૦૦૦/– ની પણ ભારત સંચાર નિગમ લીમીટેડમાં જમા કરાવેલ.

(૧.૧) વાદીનું વધુમાં કથન છે કે, પ્રતિવાદી નં.૧–૨ તરફથી વાદીને કેબલ પાથરવાની તથા ઓપ્ટીકલ ફાયબરની કામગીરી માટે વર્ક ઓર્ડર આપવામાં આવેલ તે મુજબ ભેંસાણ, ઉના, કેશોદ, મેંદરડા, વિસાવદર, પોરબંદર તાલુકાના વિગેરે રૂટની કામગીરી કરેલી અને જે કામગીરી કરવામાં જરૂરી માલની સપ્લાય

પ્રતિવાદી નં.૧ નાએ મુદત સમયમાં કરવાની હોય છે અને રૂટ ઉપર ખોદાણ, બુરાઈ અને કેબલ પાથરવાની કામગીરી કરવા માટે જે તે ખાતા એટલે કે પી.ડબલ્યુ.ડી., ફોરેસ્ટ, રેલ્વે, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા વિગેરેની મંજૂરી લેવાની હોય છે અને તે મંજૂરીની જવાબદારી પ્રતિવાદી નં.૧ ની છે અને જો પ્રતિવાદી નં.૧–૨ માલસામાન મુદતમાં પુરો ન પાડે અને મંજૂરી લઈને ન આપે તો કામમાં જે વિલંબ થાય કે મંજૂરી મળવાના અભાવે જો કોઈ કામગીરી ન થાય તો તેમાં વાદીની કોઈ જવાબદારી રહેતી નથી. વાદીએ જે કામગીરી કરેલી તેના હિસાબ મુજબના બીલોની રકમ તથા અન્ય રકમ પ્રતિવાદી નં.૧–૨ પાસે બાકી રહે છે જે પ્રતિવાદી નં.૧–૨ હિસાબ ચોખ્ખો કરી ચૂકવવા જવાબદાર છે. દાવા અરજીના પારા–૩ માં જણાવ્યા વિગતે કુલ રકમ રૂા.૨૦,૩૧,૯૭૩/– ના બીલ વાદીએ મુકેલ છે. વાદીના અન્ય વ્યવહારની પણ મોટી રકમના બીલો હિસાબ રોકાયેલ છે તેમજ જે રૂટની કામગીરી પૂર્ણ કરેલ છે તે કામગીરીના બીલની રકમ પણ ચૂકવેલ નથી.

(૧.૨) વાદીનું વધુમાં કથન છે કે, વાદીને વિસાવદર–વેકરીયા અને ટીટોડી–ખમીદાણા રૂટના કોન્ટ્રાકટના કામ આપવામાં આવેલ અને તે કામગીરી શરૂ કરેલી પરંતુ પ્રતિવાદી નં.૧–૨ નાએ જે તે ખાતાની ખોદાણ બુરાઈ કરવાની પરવાનગી ન લઈ આપતા અને મુદતમાં માલ સામાન પુરો ન પાડતા અને વારંવાર રૂટમાં ફેરફાર કરવાની સૂચના આપવામાં આવતા કામગીરી મુદતમાં પૂર્ણ ન થતા વાદીની કોઈ ભૂલ કે બેદરકારી ન હોવા છતાં વાદીને અપાયેલ કોન્ટ્રાકટ રદ કરીને પ્રતિવાદી નં.૩ ને ગેરકાયદેસર રીતે આપી દીધેલ અને વાદીના રૂા.૧૩,૪૮,૨૦૦/– જેવી રકમના બીલો અટકાવી દીધેલ છે અને આ રકમ રીસ્ક એન્ડ કોસ્ટ તરીકે કાપવાની કાર્યવાહી પ્રતિવાદી નં.૧–૨ કરી રહેલ છે જે કાર્યવાહી કાયદા વિરૂધ્ધની છે અને વાદીની રકમ અટકાવવાનો કે વાદીના ખાતે રીસ્ક એન્ડ કોસ્ટ કરવાનો કોઈ અધિકાર નથી તેમજ વાદીની અન્ય કામની લેણી રકમ કાપીને વાદીના ખાતે રીસ્ક એન્ડ કોસ્ટ કરીને પ્રતિવાદી નં.૩ ને ઉપરોકત રૂટની કામગીરી અંગેના કોઈ બીલની રકમ ચૂકવવાનો પ્રતિવાદી નં.૧–૨ ને કોઈ અધિકાર નથી અને પ્રતિવાદી નં.૩ કોઈ રકમ મેળવવા હકકદાર નથી. પ્રતિવાદી નં.૧–૨ કેટલી રકમ અને કઈ રીતે ડીડકશન કરવા માંગે છે તેની વાદીને પુરતી માહિતી નથી

અને ચોકકસપણે પ્રતિવાદી નં.૧–૨ ચૂકવવાપાત્ર રકમ અંગે કાંઈ જણાવતા નથી કે આ બાબતે વાદીને કોઈ કારણદર્શક નોટિસ અપાયેલ નથી કે કોઈ કાયદેસરની જોગવાઈ સાથેની જાણ કરાયેલ નથી અને હિસાબ ચોખ્ખો કરતા નથી. વાદીના હિસાબે પ્રતિવાદી નં.૧–૨ પાસે રૂા.૨૦,૩૧,૯૭૩/– લેણા થાય છે અને વાદીની લેણી રકમ પ્રતિવાદી નં.૧–૨ નાએ ગેરકાયદેસર રીતે અટકાવી રાખેલ હોય ૨૪% ના વ્યાજ સહિત ચૂકવવા જવાબદાર છે. વાદી–પ્રતિવાદી વચ્ચેના કોન્ટ્રાકટના તમામ પેપરો પ્રતિવાદીના કબજામાં છે જે રજૂ કરે તો કેટલી રકમ ચૂકવવા જવાબદાર છે તે નકકી થઈ શકે તેમ છે. તા.૧૩/૦૨/૨૦૦૪ ના રોજ વાદીએ હિસાબ ચોખ્ખો કરી લેણી રકમ ચૂકવી આપવા પ્રતિવાદી નં.૧–૨ પાસે માંગણી કરતા રકમ ચૂકવેલ ન હોય દાવાનું કારણ ઉત્પન્ન થયેલ છે. જેથી હાલનો દાવો લાવી વાદી, પ્રતિવાદીઓ પાસેથી વાદીના બીલોની લેણી રકમ તથા અન્ય લેણી રકમ મેળવવા હકકદાર છે તેવું ઠરાવી આપવા તથા પ્રતિવાદી નં.૧–૨ વાદી પાસેથી રીસ્ક એન્ડ કોસ્ટની કોઈ રકમ મેળવવા હકકદાર નથી તેવું ઠરાવી આપવા તથા પ્રતિવાદીઓ હિસાબ ચોખ્ખો કરી વાદીની થતી કાયદેસરની લેણી રકમ ૨૪% વ્યાજ સહિત ચૂકવી આપે તેવો હુકમ કરવા તથા પ્રતિવાદીઓ કાયદાની જોગવાઈ વિરૂધ્ધ વાદીના બીલની લેણી રકમ તથા અન્ય લેણી રકમની ચૂકવણી અટકાવે નહીં તેવો કાયમી મનાઈ હુકમ આપવા તથા પ્રતિવાદી નં.૧–૨ ના વાદી પાસેથી રીસ્ક એન્ડ કોસ્ટની કોઈ રકમ વસૂલ કરે નહીં તેવો કાયમી મનાઈ હુકમ આપવા તથા વાદીએ સિકયુરીટી ડીપોઝીટ તરીકે આપેલ બેંક ગેરંટી પ્રતિવાદી નં.૧ –૨ છુટી કરી આપે તેવો હુકમ કરવા તથા પ્રતિવાદીઓ વાદીના બીલની લેણી રકમ તથા અન્ય લેણી રકમનો હિસાબ ચોખ્ખો કરી વાદીને લેણી રકમ ચૂકવે નહીં ત્યાં સુધી અન્ય કોઈ વ્યકિતના કોઈપણ બીલની રકમ ચૂકવે નહીં તેવો પ્રતિવાદી નં.૧–૨ સામે કાયમી મનાઈ હુકમ આપવા તથા પ્રતિવાદી નં.૧–૨ ના પ્રતિવાદી નં.૩ ને વિસાવદર–વેકરીયા તથા ટીટોડી–ખમીદાણા રૂટના કામની કોઈ રકમ ચૂકવે નહીં તેવો પ્રતિવાદીઓ સામે કાયમી મનાઈ હુકમ આપવા તથા ચાલુ દાવાએ કોઈ રકમ આપે તો પ્રતિવાદીઓ તે રકમ વાદીને ચૂકવી આપે તેવો હુકમ કરવા તથા અન્ય મળી શકતી દાદ અપાવવા તથા દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા દાદ માંગેલ છે.

(૨) દાવાના સમન્સ પ્રતિવાદીઓને મોકલવામાં આવતા, જે સમન્સ ધોરણસર બજી જતા પ્રતિવાદીઓ પોત પોતાના વિ.વકીલશ્રી મારફત હાજર થયેલ છે. પ્રતિવાદી નં.૩ તરફથી આંક–૧૯ થી વાદીના દાવાનો જવાબ રજૂ કરી વાદીના દાવાની તમામ હકીકતોનો ઈન્કાર કરી તકરાર લીધેલ છે કે, વાદીનો દાવો ખોટી હકીકતો વાળો અને કાયદેસર ન હોય રદ થવાપાત્ર છે. વાદીએ દાવામાં જે લેણી રકમ દર્શાવેલ છે તે મુજબ પુરતી કોર્ટ ફી ભરેલ ન હોય દાવો રદ થવાપાત્ર છે. વિસાવદર–વેકરીયા અને ટીટોડી–ખમીદાણા રૂટનું કામ પ્રતિવાદી નં.૩ કે માન્ય કોન્ટ્રાકટરને આપવામાં આવેલ નથી કે તેવા કોઈ કામનું ટેન્ડર ન હતું. વાદીએ દાવાની તમામ હકીકતો પુરવાર કરવી જોઈએ. વાદી દાવામાં માંગ્યા મુજબની કોઈ દાદ મેળવવા હકકદાર નથી. પ્રતિવાદી નં.૩ સામે દાવાનું કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી અને તેઓને ખોટી રીતે જોડેલ હોય વાદીના દાવાને મીસ જોઈન્ડર ઓફ પાર્ટીનો બાધ નડે છે. જેથી વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૩) જયારે પ્રતિવાદી નં.૧–૨ તરફે આંક–૩૧ થી વાદીના દાવાનો જવાબ રજૂ કરી વાદીના દાવાની કબૂલ કર્યા સિવાયની તમામ હકીકતોનો ઈન્કાર કરી તકરાર લીધેલ છે કે, વાદીનો દાવો ખોટો, બનાવટી હકીકત વાળો અને શુધ્ધબુધ્ધિપૂર્વકનો નથી અને દાવામાં મટીરીયલ સપ્રેસ કરેલ હોય વાદીનો દાવો ટકવાપાત્ર નથી. વાદીએ દાવામાં જણાવ્યા મુજબ વાદીનો દાવો પૈસા પરત મળવા અંગેનો દાવો છે, પરંતુ હિસાબ ચોખ કરવા અંગેનું વાકય ઉમેરી દેવાથી હિસાબ ચોખ અંગેનો દાવો બની જતો નથી કારણ કે આવો દાવો ફકત પેઢીના માલિક, ભાગીદાર અથવા તેના એજન્ટ કરી શકે છે. વાદીએ દાવામાં પુરતી કોર્ટ ફી ભરેલ નથી અને તે કારણે દાવો ટકવાપાત્ર નથી. પક્ષકારો વચ્ચે થયેલ કરાર મુજબ સદરહુ દાવો આર્બીટેશન અંગેનો છે તેથી નામદાર કોર્ટને દાવો ચલાવવાની હકૂમત નથી. દાવો દાખલ કરતા પહેલા કાયદેસરની નોટિસ આપેલ નથી જેથી પણ દાવો ટકવાપાત્ર નથી. ટેન્ડર મુજબ જે તે ખાતાની મંજૂરી લેવાની જવાબદારી વાદીની છે અને સમય મર્યાદામાં પ્રતિવાદીએ માલસામાન પુરો પાડેલ છે અને શરતો મુજબ દરેક બીલની ચૂકવણી કરવામાં આવેલ છે. વિસાવદર–વેકરીયા અને ટીટોડી–ખમીદાણા રૂટની કામગીરી વાદીની બેદરકારીના

કારણે સમય મર્યાદામાં થયેલ નહીં તેથી રીસ્ક એન્ડ કોસ્ટની રૂા.૧૩,૪૮,૨૦૦/– ની રકમ કોન્ટ્રાકટની શરતો મુજબ અને કાયદા મુજબ કપાત કરવામાં આવેલ છે અને ઈન્કમ ટેક્ષ અને સેલ્સ ટેક્ષની રકમ પણ કાયદાની જોગવાઈ મુજબ કપાત કરેલી છે. વાદીએ વિસાવદર–વેકરીયા અને ટીટોડી–ખમીદાણા રૂટની કામગીરી ટેન્ડરની શરતો મુજબ ન કરતા જરૂરી નોટિસ આપી પ્રતિવાદી નં.૩ ને કામગીરી સોંપવામાં આવેલ. વાદી દાવામાં માંગેલ કોઈ દાદ મેળવવા હકકદાર નથી. જેથી વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૪) વાદી તરફથી નીચે મુજબ મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

મૌખિક પુરાવો :

ક્રમ	સાહેદ	આંક
૧.	વાદીના કુલમુખત્યાર જનકકુમાર પ્રાણજીવન સોમૈયા	૭૪

દસ્તાવેજી પુરાવો :

ક્રમ	વિગત	આંક
૧.	કુલ–મુખત્યારનામાની ઝેરોક્ષ નકલ	૯૧
૨.	વાદીએ જી.એમ.ટી.ડી.ને લખેલ પત્રની ઝેરોક્ષ નકલ	૯૨
૩.	મેજરમેન્ટ બુકની ઝેરોક્ષ નકલ	૯૩
૪.	વર્ક ઓર્ડરની ઝેરોક્ષ નકલ	૯૪
૫.	વાદીએ જી.એમ.ટી.ડી.ને લખેલ પત્રની ઝેરોક્ષ નકલ	૯૫ થી ૧૦૩
૬.	વિસાવદર તાલુકાના કામ અંગેના ભાવના એનેક્ષરની ઝેરોક્ષ નકલ	૧૦૪
૭.	વાદી અને પ્રતિવાદી વચ્ચે થયેલ પત્ર વ્યવહારની ઝેરોક્ષ નકલ	૧૦૫ થી ૨૧૭
૮.	બાકી નીકળતી રકમની વિગતનું પત્રક	૨૧૮

વાદી તરફથી આ સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તેઓ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું આંક–૨૩૬–એ ની કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે.

(૫) પ્રતિવાદી નં.૧–૨ તરફથી નીચે મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

મૌખિક પુરાવો :

ક્રમ	સાહેદ	આંક
૧.	ઓમપ્રકાશભાઈ ગણપતભાઈ રાવલ	૨૪૩–એ

દસ્તાવેજી પુરાવો :

ક્રમ	વિગત	આંક
૧.	કેશોદ તાલુકા અંગે પ્રતિવાદીએ વાદીને મોકલેલ ફાઈનલ એકસપ્ટન્સની ઝેરોક્ષ	૨૧૯
૨.	કેશોદ તાલુકાના ઓ.એફ.સી. કામ માટે પક્ષકારો વચ્ચે થયેલ એગ્રીમેન્ટની ઝેરોક્ષ	૨૨૦
૩.	પ્રતિવાદીએ જુદા જુદા કામ અંગે વાદીને આપેલ વર્ક ઓર્ડર તથા તે અંગેના બીલ અને તે બીલની રકમ રીલીઝ કરવા અને તે સંબંધિત પક્ષકારો વચ્ચે થયેલ પત્ર વ્યવહારની ઝેરોક્ષ નકલ	૨૨૧ થી ૩૮૮
૪.	પ્રતિવાદીએ વાદીના કુલ બીલ પેટે કરેલ ચૂકવણી તથા કરેલ કપાત દર્શાવતા સ્ટેટમેન્ટની ઝેરોક્ષ નકલ	૩૮૯
૫.	વાદી અને પ્રતિવાદી નં.૧–૨ વચ્ચે થયેલ એગ્રીમેન્ટની શરતોની ખરીનકલ	૩૯૪ થી ૩૯૮
૬.	સ્પેશ્યલ ટર્મ્સ એન્ડ કંડીશન પાર્ટ–ડી ની ખરીનકલ	૩૯૯
૭.	કન્સ્ટ્રકશન સ્પેશીફીકેશન પાર્ટ–ઈ ની ખરીનકલ	૪૦૦
૮.	પ્રતિવાદીએ વાદીને કામમાં ઢીલ થવા અંગે લખેલ પત્ર અને નોટિસની ખરીનકલ	૪૦૧ થી ૪૦૩
૯.	વાદીના બીલ અટકાવ્યા અંગે કરેલ ખૂલાસાની ખરીનકલ	૪૦૪
૧૦.	વાદીના બીલોમાં કરેલ કપાત અંગેના સ્ટેટમેન્ટની ખરીનકલ	૪૦૫/ ૪૦૬
૧૧.	પ્રતિવાદી નં.૩ અને પ્રતિવાદી નં.૧ વચ્ચે થયેલ પત્ર વ્યવહાર અને બીલની ઝેરોક્ષ નકલ	૪૦૭ થી ૪૧૪

પ્રતિવાદી નં.૧–૨ તરફથી આ સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તેઓ વધુ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોવાનું

આંક–૩૮૭–એ ની કલોઝીંગ પુરસીસથી જાહેર કરેલ છે.

(૬) ત્યારબાદ વાદી તરફથી આંક–૩૭૯(એ) થી અને પ્રતિવાદી નં.૧ –૨ તરફથી આંક–૩૭૬(એ) થી લેખિત દલીલ અને આંક–૪૩૫ થી વિશેષ દલીલ રજૂ કરવામાં આવેલ છે, જે વંચાણે લેવામાં આવેલ છે, જેની ચર્ચા મુદાની ચર્ચા સાથે કરવામાં આવેલ છે.

(૭) દાવાના ન્યાયિક નિર્ણય માટે આંક–૬૧ થી મારા પુરોગામી વિધ્વાન ન્યાયાધીશશ્રીએ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત કરેલ છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે, દાવાવાળી લેણી રકમ જે દાવામાં જણાવેલ બીલો અંગેની છે તે પ્રતિવાદી પાસેથી વસૂલ મેળવવા હકકદાર થાય છે ?

(૨) શું વાદી બીલો સિવાયની અન્ય લેણી રકમ પ્રતિવાદી પાસેથી લેવાની પુરવાર કરે છે ?

(૩) શું પ્રતિવાદી રીસ્ક એન્ડ કોસ્ટની રકમ વાદી પાસેથી મેળવવા હકકદાર છે ?

(૪) શું વાદી કેટલું લેણું પુરવાર કરે છે ? શું વાદી સદર લેણી રકમ ઉપર ૨૪% લેખેનું વ્યાજ મેળવવા વાદીને હકક છે ?

(૫) શું વાદી પુરવાર કરે છે કે, વાદીએ બેંક ગેરંટી પેટે તથા સિકયોરીટી ડીપોઝીટ પેટે મુકેલ રકમ છુટી કરવાને પાત્ર છે ? અને પ્રતિવાદી નં.૧–૨ પાસેથી તે રકમ વસૂલ મેળવવા હકકદાર છે ?

(૬) શું વાદીનો દાવો અપુરતી કોર્ટ ફીઝના કારણે રદ થવાને પાત્ર છે ?

(૭) શું વાદી દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

(૮) શું હુકમ અને હુકમનામું થશે ?

(૮) ઉપરોકત મુદાઓ પરત્વેના નિર્ણયો નીચે મુજબ છે.

મુદા નંબર ૧ : **આંશિક હકારમાં.**

મુદા નંબર ૨ : **નકારમાં.**

મુદા નંબર ૩ : **નકારમાં.**

મુદા નંબર ૪ : **આંશિક હકારમાં.**

મુદા નંબર ૫ : **હકારમાં.**

મુદા નંબર ૬ : **નકારમાં.**

મુદા નંબર ૭ : **આંશિક હકારમાં.**

મુદા નંબર ૮ : **આખરી હુકમ મુજબ.**

–:: કા ર ણો ::–

મુદ્દા નંબર (૧) અને (૨) :

(૯) સદર કામે મુદા નં.૧ અને ૨ એકબીજા સાથે પરસ્પર સંકળાયેલ હોય પુરાવાનું પુનરાવર્તન ટાળવાના હેતુથી બંને મુદાઓની ચર્ચા એકીસાથે કરવામાં આવેલ છે.

(૯.૧) સદર કામે વાદીના દાવાની હકીકત એ છે કે, પ્રતિવાદી નં.૧–૨ તરફથી વાદીને કેબલ પાથરવાની તથા ઓપ્ટીકલ ફાયબરની કામગીરી માટે વર્ક ઓર્ડર આપવામાં આવેલ તે મુજબ ભેંસાણ, ઉના, કેશોદ, મેંદરડા, વિસાવદર, પોરબંદર તાલુકાના વિગેરે રૂટની કામગીરી કરેલી અને જે કામગીરી કરવામાં જરૂરી માલની સપ્લાય પ્રતિવાદી નં.૧ નાએ મુદત સમયમાં કરવાની હોય છે અને રૂટ ઉપર ખોદાણ, બુરાઈ અને કેબલ પાથરવાની કામગીરી કરવા માટે જે તે ખાતા એટલે કે પી.ડબલ્યુ.ડી., ફોરેસ્ટ, રેલ્વે, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા વિગેરેની મંજૂરી લેવાની હોય છે અને તે મંજૂરીની જવાબદારી પ્રતિવાદી નં.૧ ની છે અને જો પ્રતિવાદી નં.૧–૨ માલસામાન મુદતમાં પુરો ન પાડે અને મંજૂરી લઈને ન આપે તો કામમાં જે વિલંબ થાય કે મંજૂરી મળવાના અભાવે જો કોઈ કામગીરી ન થાય તો તેમાં વાદીની કોઈ જવાબદારી

રહેતી નથી. વાદીએ જે કામગીરી કરેલી તેના હિસાબ મુજબના બીલોની રકમ તથા અન્ય રકમ પ્રતિવાદી નં.૧–૨ પાસે બાકી રહે છે જે પ્રતિવાદી નં.૧–૨ હિસાબ ચોખ્ખો કરી ચૂકવવા જવાબદાર છે. દાવા અરજીના પારા–૩ માં જણાવ્યા વિગતે કુલ રકમ રૂા.૨૦,૩૧,૯૭૩/– ના બીલ વાદીએ મુકેલ છે. વાદીના અન્ય વ્યવહારની પણ મોટી રકમના બીલો હિસાબ રોકાયેલ છે તેમજ જે રૂટની કામગીરી પૂર્ણ કરેલ છે તે કામગીરીના બીલની રકમ પણ ચૂકવેલ નથી.

(૯.૨) ઉપરોકત હકીકત પુરવાર કરવા વાદી તરફે આંક–૭૪ થી વાદીના કુલ–મુખત્યાર જનકકુમાર પ્રાણજીવન સોમૈયાનું સરતપાસનું સોગંદનામું રજૂ થયેલ છે અને સરતપાસના સોગંદનામાના સમર્થનમાં આંક–૯૨ થી ૨૧૮ સુધીના દસ્તાવેજો રજૂ થયેલ છે. જે પૈકી આંક–૯૨ થી વાદીએ જી.એમ.ટી.ડી.ને લખેલ પત્રની ઝેરોક્ષ નકલ છે, જે પત્રમાં તેઓએ જેતલવડ વેકરીયા રૂટ ઉપર કરેલ કામગીરી અંગે વર્ક ઓર્ડર મેળવેલ છે તેવો ઉલ્લેખ છે. આંક–૯૩ થી મેમેરોન્ડમ બુકની ઝેરોક્ષ નકલ છે અને આંક–૯૪ થી વાદીને આ કામના પ્રતિવાદી નં.૧–૨ ધ્વારા કરવામાં આવેલ વર્ક ઓર્ડરની ઝેરોક્ષ નકલ છે. આંક–૯૫ થી ૧૦૩ સુધી વાદી અને પ્રતિવાદી નં.૧–૨ વચ્ચે વર્ક ઓર્ડર બાબતે થયેલ પત્ર વ્યવહારની ઝેરોક્ષ નકલ છે. આંક–૧૦૪ થી વિસાવદર તાલુકાના કામ અંગેના ભાવના એનેક્ષરની ઝેરોક્ષ નકલ છે. આંક–૧૦૫ થી ૨૧૭ સુધી વાદી અને પ્રતિવાદી નં.૧–૨ વચ્ચે થયેલ બીલ અંગેના પત્ર વ્યવહારની ઝેરોક્ષ નકલ છે. આંક–૨૧૮ થી બાકી નીકળતી રકમ અંગેનું પત્રક રજૂ કરેલ છે.

(૯.૩) વાદીના દાવા સામે પ્રતિવાદી નં.૩ નાએ આંક–૧૯ થી જવાબ રજૂ કરી તકરાર લીધેલ છે કે, તેઓને કોઈ કોન્ટ્રાકટર તરીકેનું કામ આપવામાં આવેલ નથી કે તેઓએ કોઈ ટેન્ડર તળેનું કામ કરેલ નથી. તેઓને ખોટી રીતે જોડેલ હોય તેઓની સામેનો દાવો રદ કરવા જણાવેલ છે. જયારે પ્રતિવાદી નં.૧–૨ નાએ આંક–૩૧ થી વાદીના દાવાનો જવાબ રજૂ કરેલ છે. વાદીએ દાવામાં જણાવ્યા મુજબ વાદીનો દાવો પૈસા પરત મળવા અંગેનો છે પરંતુ હિસાબ ચોખ કરવા અંગેનો શબ્દ ઉમેરી દેવાથી હિસાબ ચોખ અંગેનો દાવો બની જતો નથી અને આવો દાવો ફકત પેઢીના માલિક, ભાગીદાર કરી શકે છે. વાદીએ દાવામાં પુરતી કોર્ટ ફી

ભરેલ નથી અને તેથી વાદીનો દાવો ટકવાપાત્ર નથી. વાદીના દાવાની વિષયવસ્તુ વાળા બીલ અંગે પ્રતિવાદી તરફે જણાવવામાં આવેલ છે કે, પ્રતિવાદી સંસ્થા ધ્વારા સમયસર માલ પુરો પાડવામાં આવેલ છે અને શરતો મુજબ દરેક બીલની ચૂકવણી કરવામાં આવેલ છે. વિસાવદર–વેકરીયા અને ટીટોડી–ખમીદાણા રૂટની કામગીરી વાદીની બેદરકારીના કારણે સમય મર્યાદામાં થયેલ નહીં તેથી રીસ્ક એન્ડ કોસ્ટની રૂા.૧૩,૪૮,૨૦૦/– ની રકમ કોન્ટ્રાકટની શરતો મુજબ અને કાયદા મુજબ કપાત કરવામાં આવેલ છે અને ઈન્કમ ટેક્ષ અને સેલ્સ ટેક્ષની રકમ પણ કાયદાની જોગવાઈ મુજબ કપાત કરેલી છે. વાદીએ વિસાવદર–વેકરીયા અને ટીટોડી–ખમીદાણા રૂટની કામગીરી ટેન્ડરની શરતો મુજબ ન કરતા જરૂરી નોટિસ આપી પ્રતિવાદી નં.૩ ને કામગીરી સોંપવામાં આવેલ. વાદી દાવામાં માંગેલ કોઈ દાદ મેળવવા હકકદાર નથી. જેથી વાદીનો દાવો ખર્ચ સહિત રદ કરવા અરજ કરેલ છે.

(૯.૪) સદર કામે આંક–૭૪ થી વાદી સાહેદની વિગતવાર ઉલટતપાસ પ્રતિવાદીના વિ.વકીલશ્રી ધ્વારા કરવામાં આવેલ છે. જે ઉલટતપાસ દરમિયાન વાદી ધ્વારા સ્વીકોરલી હકીકતો નીચે મુજબ છે.

"એ વાત ખરી છે કે, બી.એસ.એન.એલ. એ પોતાની કામગીરી માટે ટેન્ડર બહાર પાડેલ જેમાં ફુલમા ઈલેકટ્રોનિકસ એ ટેન્ડર ભરેલું. જે ટેન્ડર બી.એસ.એન.એલ. એ સ્વીકારેલઅને ફુલમા ઈલેકટ્રોનિકસને ભેંસાણ, વિસાવદર, કેશોદ, કુતિયાણા અને ઉના તાલુકામાં કામગીરી સોંપેલ. એ વાત ખરી છે કે, આ પાંચ તાલુકાના અલગ અલગ એગ્રીમેન્ટ થયેલા. એ વાત ખરી છે કે, આ તમામ એગ્રીમેન્ટમાં જે શરતો જણાવવામાં આવેલી તે એકસરખી હતી અને તેથી એગ્રીમેન્ટમાં જે જનરલ શરતો હતી તે એકસમાન હતી. ટેન્ડર ભરતી વખતે અમે તે અંગેની અર્નેસ્ટ મની જમા કરાવેલી."

ઉપરોકત હકીકત ઉપરથી કે જે પ્રતિવાદી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં રેકર્ડ ઉપર આવેલ છે તેથી એવું માનવાને કારણ ઉપસ્થિત થાય છે કે, વાદી અને પ્રતિવાદી વચ્ચે વાદગ્રસ્ત ટેન્ડર બહાર પાડીને કામગીરી સોંપવા અંગેની કોઈ તકરાર નથી અને વાદીની ઉલટતપાસમાં જણાવેલ ઉપરોકત હકીકત

મુજબ પ્રતિવાદીએ બહાર પાડેલ ટેન્ડર વાદીએ ભરેલ હતું અને તે ટેન્ડર પ્રતિવાદી સંસ્થા ધ્વારા ગ્રાહય રાખવામાં આવેલ. જે અંગે અર્નેસ્ટ મની પણ વાદી ધ્વારા ભરવામાં આવેલ. વાદી ધ્વારા એવી તકરાર લેવામાં આવેલ છે કે, તેઓએ સમયસર કામગીરી પુરી કરી દીધેલ અને જે કામગીરી થઈ શકેલ નહીં તે અંગે જુદી જુદી સંસ્થાની પરવાનગી પ્રતિવાદી ધ્વારા ન લઈ આપતા અને માલ સામાન પુરો ન પાડતા અને વારંવાર રૂટમાં ફેરફાર કરવાની સૂચના આપતા કામગીરી મુદતમાં પુરી થયેલ નહીં. આ હકીકત અંગે વાદીએ પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે, ''એ વાત ખરી છે કે, કલોઝ–૧૭ માં પરમીટ લાયસન્સ અને બીજી જે કાંઈ જરૂરીયાત પડતી હોય તેની જોગવાઈ કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, પરમીટ અને લાયસન્સ કોન્ટ્રાકટરે લેવાના રહે છે. એ વાત ખરી છે કે, અમને ટેન્ડર આપવામાં આવે તેમાં કામગીરી અંગે લેખિતમાં વર્ક ઓર્ડર આપવામાં આવે છે અને આ વર્ક ઓર્ડરમાં કામગીરી શરૂ કરવાનો સમય અને કામગીરી પુરી કરવાનો સમય જણાવવામાં આવે છે અને એગ્રીમેન્ટ મુજબના નિયત સમયમાં કામગીરી પૂર્ણ કરવાની હોય છે. જે કામગીરી નિયત સમયમાં પૂર્ણ ન થાય તો કલોઝ નં.૪૩–૪૪ માં તેની અસર અંગેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. એ વાત ખરી છે કે, કામગીરી નિયત સમયમાં પૂર્ણ ન થાય તો તેની મુદત લંબાવવા અરજી કરવાની હોય છે. એ વાત ખરી છે કે, જો કામગીરીમાં કોન્ટ્રાકટર તરફે કોઈ વિલંબ થાય તો લીકવીડીટી કાપવા અંગેની જોગવાઈ કલોઝ–૪૪(૧) માં થયેલી છે. એ વાત ખરી છે કે, આંક–૨૨૦ ના એગ્રીમેન્ટના સ્પેશ્યલ ટર્મ એન્ડ કંડીશનના કલોઝ–૫ મને બતાવવામાં આવે છે તેમાં ૧૦% લેખે લીકવીડેટેડ ડેમેજીસ કાપવાની જોગવાઈ છે. એ વાત ખરી છે કે, સ્પેશ્યલ ટર્મ કલોઝ નં.૫ માં વિશેષમાં એવી જોગવાઈ કરવામાં આવી છે કે, કામગીરી વર્ક ઓર્ડર ઈસ્યુ થયાના દિવસ–૭ બાદ કામગીરી શરૂ કરવામાં ન આવે તો કોન્ટ્રાકટરને આપવામાં આવેલ વર્ક ઓર્ડર કેન્સલ થયેલો ગણાય અને ડીપાર્ટમેન્ટ અન્ય એજન્સી મારફત તે કામગીરી જે તે કોન્ટ્રાકટરના ખર્ચે કરાવાવા અંગેની જોગવાઈ લખવામાં આવેલી છે. એ વાત ખરી છે કે, બી.એસ.એન.એલ. એ અમને આપેલ વર્ક ઓર્ડર કેન્સલ કરીને અન્ય સંસ્થા હિન્દુસ્તાન કેબલ લીમીટેડને આપેલ તેથી પ્રતિવાદી નં.૩ તરીકે જોડેલા છે. અમે જે કામગીરી અંગેના બીલ બી.એસ.એન.એલ.ને રજૂ કરેલા તે બીલમાંથી

અધર્સના માળખા હેઠળ કપાત કરવામાં આવેલ છે તે અંગે હિસાબ મેળવવા હાલનો દાવો કરેલ છે. વર્ક ઓર્ડર મુજબની કામગીરી કમ્પ્લીશન ડેઈટમાં પુરી થઈ શકેલ ન હોય તેથી સમય લંબાવવા માટે પ્રતિવાદીઓને પત્રથી જાણ કરેલ છે ? તે પ્રશ્નના જવાબમાં વાદીએ જણાવેલ છે કે, ઘણા બધા પત્રમાં આ હકીકતનો ઉલ્લેખ છે. એ વાત ખરી છે કે, મારા ખૂલાસા ધ્યાને લેતા બી.એસ.એન.એલ.ને જે કિસ્સામાં યોગ્ય લાગ્યું તે કિસ્સામાં લીકવીડેટેડ ડેમેજીસ પરચુરણ નુકશાનીની રકમ પરત કરેલ છે. એ વાત ખરી છે કે, જે રકમ કપાયેલી છે તે દાવો કરતા પહેલાથી જાણતો હતો. જે કિસ્સામાં એ.ટી. બાકી હતા તે પુરા પાડી દીધેલા છે." ત્યારબાદ પ્રતિવાદી તરફથી પૂછવામાં આવેલ કે, સંસ્થાએ મોકલેલ રકમ સ્વીકારેલી તે પરત કરેલી નહીં પણ કોઈ વાંધા આપેલા નહીં. તે અંગે વાદીએ જણાવેલ છે કે, વાંધા સાથે સ્વીકારેલ પરત કરેલ નહીં. વધુમાં તેઓ જણાવે છે કે, પ્રતિવાદીએ આપેલ રકમ અંગે એક પણ પત્ર વ્યવહારમાં વાંધા સાથે રકમ સ્વીકારેલી તેવું લખેલ નથી. વાદીની ઉલટતપાસ પરથી એ હકીકત પુરવાર થાય છે કે વાદીને પ્રતિવાદી સંસ્થા ધ્વારા આંક–૨૨૦ માં જણાવેલ કરાર મુજબ કામગીરી સોંપવામાં આવેલ. પ્રતિવાદી સંસ્થા ધ્વારા કામગીરી પૂર્ણ થયા બાદ જે બીલો મુકવામાં આવેલ તે બીલોમાં પ્રતિવાદી સંસ્થા ધ્વારા કપાત કરવામાં આવેલ અમુક રકમ ચૂકવવામાં આવેલ છે જયારે બાકીની રકમ માટે પ્રતિવાદી સંસ્થા જણાવે છે કે, વાદીએ સમયસર કામ પૂર્ણ ન કરી આપતા તેઓએ પ્રતિવાદી નં.૩ ને કામગીરી સોંપેલ જેથી તે અંગે રીસ્ક અને કોસ્ટ પેટે તેઓએ રકમ વસૂલ લઈ બાકીની રકમ ચૂકવેલ છે. આ હકીકત પરથી વાદીએ જણાવેલ હકીકત નિર્વિવાદપણે પુરવાર થાય છે કે, વાદી અને પ્રતિવાદી વચ્ચે વાદવાળી કામગીરી અંગે કરાર થયેલ અને. જે કામગીરી કર્યા બાદ વાદીએ પ્રતિવાદી સંસ્થા સમક્ષ કામગીરી અંગેના બીલો મુકેલ.

(૯.૫) વાદી જયારે આ હકીકત કોર્ટ સમક્ષ પોતાના પુરાવાથી પુરવાર કરી બતાવતા હોય ત્યારે વાદીએ કામ સમયસર પૂર્ણ કરેલ ન હોવાના કારણે તેઓ બીલની રકમ વસૂલ લેવા હકકદાર નથી તે હકીકત પ્રતિવાદીએ પુરવાર કરવાની હોય અને પ્રતિવાદીએ લીધેલ બચાવ કે વાદીની કસૂરના કારણે પ્રતિવાદીએ અન્ય સંસ્થા પાસેથી કામગીરી કરાવવી પડેલ તે હકીકત પ્રતિવાદીએ પોતાના પુરાવાથી પુરવાર કરવાની રહે છે માત્ર ઉલટતપાસમાં એવી હકીકત કોર્ટ રેકર્ડ પર

આવે કે પક્ષકારો વચ્ચેના કરારમાં કરાર રદ કરવા બાબત જોગાઈ છે અને પક્ષકારો વચ્ચેના પત્ર વ્યવહારમાં કામગીરી નિયત સમયમાં પૂર્ણ ન થાય તો સમય વધારી આપવા અંગેની જોગવાઈ છે તે હકીકત પરથી વાદી સામે પ્રતિવાદીનો બચાવ પુરવાર થાય છે તેમ માનવાને કારણ ઉપસ્થિત થતું નથી. ઉલટતપાસમાં પૂછાયેલ સૂચક પ્રશ્નો પુરાવાનું સ્થાન ત્યારે જ લે છે કે જયારે અન્ય યોગ્ય પુરાવાથી તે હકીકત કોર્ટ રેકર્ડ પર આવતી હોય.

(૯.૬) પ્રતિવાદી તરફે લેવામાં આવેલ ઉલટતપાસમાં ઉપર મુજબના અંશો જોતાં અમુક હકીકતો કોર્ટ રેકર્ડ ઉપર આવેલ છે કે, વાદી અને પ્રતિવાદી વચ્ચે આંક–૯૪ ના વર્ક ઓર્ડર મુજબ જે કરાર થયેલ અને જે અંગે વર્ક ઓર્ડર આપવામાં આવેલ તે કામગીરી વાદીએ કર્યા બાદ વાદી ધ્વારા બીલો મુકવામાં આવેલ અને તે અંગેની નોંધ પ્રતિવાદી સંસ્થા ધ્વારા ટેન્ડર બીલમાં થયેલી એટલે કે વાદીએ કામગીરી કરેલ છે અથવા કેટલી કામગીરી કરેલ છે અને તે પૈકી કેટલી રકમના બીલ તેઓ મેળવવા હકકદાર થાય છે તે તમામ હકીકત પ્રતિવાદી અને વાદી બંનેની જાણમાં છે. આ ઉપરાંત આંક–૯૫ થી ૧૦૩ અને આંક–૧૦૫ થી ૨૧૭ સુધી પત્ર વ્યવહાર રજૂ થયેલ છે. આ ઉપરાંત આંક–૨૨૦ તથા આંક–૨૨૧ થી ૩૮૮ જે પ્રતિવાદી તરફે રજૂ થયેલ દસ્તાવેજ અંગેની હકીકત પણ વાદી તરફે પોતાની ઉલટતપાસમાં જણાવવામાં આવેલ છે અને વાદીએ એ હકીકત પણ સ્વીકારેલી છે કે, વાદીએ રજૂ કરેલ બીલ લીકવીડેટેટ ડેમેજની રકમ પરત કરેલ છે. લીડકવીડેટેડ ડેમેજની જે તકરાર લઈને વાદી અત્રેની કોર્ટ સમક્ષ આવેલ છે તે પૈકીની અમુક રકમ પ્રતિવાદી ધ્વારા ચૂકવવામાં આવેલી છે. આમ, પ્રતિવાદી ધ્વારા વાદીને બીલની રકમ પુરેપુરી ચૂકવવામાં આવેલ નથી. વાદીએ આંક–૯૫ થી ૧૦૩ અને આંક–૧૦૫ થી ૨૧૭ મુજબ જે પત્ર વ્યવહાર કરેલ અને તે મુજબની રકમ પોતાની દાવા અરજીમાં કલેઈમ કરેલ છે. જયારે ઉલટતપાસમાં આ રકમ પૈકી અમુક મુકેલ બીલની રકમ ચૂકવવામાં આવેલ છે તેવી હકીકત સ્વીકારેલ છે. આ ઉપરાંત વાદીની ઉલટતપાસ ઉપરથી એ હકીકત સ્પષ્ટ થાય છે કે, વર્ક ઓર્ડર મુજબની કામગીરી નિયત સમયમાં પુરી ન થતા કામ લંબાવવા પ્રતિવાદી સંસ્થાને રજૂઆત કરેલી. જે અંગે તેઓએ જુદા જુદા પત્ર વ્યવહાર કરેલ, પરંતુ વાદીની ઉલટતપાસની આ હકીકત પરથી એવું પુરવાર

થતું નથી કે વાદીએ સમયસર કામગીરી પુરી કરેલ ન હતી. કારણ કે પ્રતિવાદી તરફેની ઉલટતપાસમાં એ હકીકત પણ રેકર્ડ પર આવે છે કે વાદી ધ્વારા કામગીરી પૂર્ણ કરવા વધારાનો સમય માંગવામાં આવેલ. પક્ષકારો વચ્ચે થયેલ કરારમાં વધારાના સમય અંગેની જોગવાઈ હોવાનું બંને પક્ષ સ્વીકારે છે. આ સંજોગોમાં પ્રતિવાદી જે વાંધા રજૂ કરે છે કે વાદી ધ્વારા કામગીરી નિયત સમયમાં પૂર્ણ ન થતાં તે કામગીરી પ્રતિવાદી નં.૩ ને સોંપવામાં આવેલ તે હકીકત અંગે પ્રતિવાદી તરફે યોગ્ય પુરાવો રજુ કરવો પડે, જયારે હાલના કેસમાં પ્રતિવાદી નં.૩ પોતે કોઈ કામગીરી કર્યા અંગે ઈન્કાર કરે છે અને પ્રતિવાદી નં.૧ અને ૨ તરફે કેવો કોઈ પુરાવો રજૂ કરવામાં આવેલ નથી કે જેના પરથી એવી હકીકત કોર્ટ સમક્ષ પુરવાર થતી હોય કે વાદીની કસૂરના કારણે પ્રતિવાદી સંસ્થાએ પ્રતિવાદી નં.૩ ને કામગીરી સોંપેલ અને તે કામગીરી વધારાના ભાવે પ્રતિવાદી નં.૩ પાસેથી કરાવવી પડેલી. જેથી દાવામાં જણાવ્યા મુજબ વર્ક ઓર્ડર મુજબની કામગીરી છે તે કામગીરીની કેટલી રકમ મેળવવા હકકદાર નથી અથવા કેટલા વર્ક ઓર્ડરના કેટલા ભાગ પુરતું લીકવીડેટેડ ડેમેજ ચૂકવવા જવાબદાર બને છે તે અંગે બંને પક્ષકારો ધ્વારા કોઈ ચોકકસ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી, પરંતુ વર્ક ઓર્ડર મુજબની કામગીરી પ્રતિવાદી ધ્વારા આપવામાં આવેલ છે અને વાદી ધ્વારા તે કામગીરી કરવામાં આવેલ છે તે હકીકત નિર્વિવાદ પણે બિનતકરારી છે. તેથી દાવાવાળી રકમ પેટે જે રકમ બાકી નીકળતી હોય તે રકમ હાલના વાદી પ્રતિવાદી નં.૧–૨ પાસેથી વસૂલ મેળવવા હકકદાર બને તેવું માનવાને કારણ રહે છે, પરંતુ વાદીએ રજૂ કરેલ બીલ ઉપરાંત અન્ય કોઈ રકમ મેળવવા હકકદાર થાય છે તે હકીકત અંગે વાદીની દાવા અરજી વંચાણે લઈએ તો તેઓએ જણાવેલ છે કે પ્રતિવાદી નં.૧–૨ નાએ પ્રતિવાદી નં.૩ ને વાદીને સોંપેલ કામગીરી વાદી પાસેથી લઈ પ્રતિવાદી નં.૩ ને આપી દીધેલ જેથી તેઓ તે કામગીરી અંગે વાદીએ સહન કરેલ નાણાંકિય ખોટ પ્રતિવાદી નં.૧–૨–૩ પાસેથી વસૂલ મેળવવા હકકદાર બને છે. જયારે પ્રતિવાદી નં.૩ પોતે જણાવે છે કે તેઓને કોઈ કામગીરી સોંપવામાં આવેલ નથી કે તેઓએ કોઈ કામગીરી કરેલ નથી, પરંતુ આ બાબતે પ્રતિવાદી નં.૩ તરફે કોઈ પુરાવો રજૂ થયેલ નથી અને પ્રતિવાદી નં.૧ અને ૨ નાએ પણ આ બાબતે કોઈ વિશ્વાસપાત્ર પુરાવો રજૂ કરેલ નથી. જે પુરાવા

પ્રતિવાદી નં.૧ અને ૨ નાએ રજૂ કરેલ છે તે પરથી એવી કોઈ હકીકત ખુલતી નથી કે વાદીની કસૂરના કારણે વાદવાળી કામગીરી વધારાના ભાવે પ્રતિવાદી નં.૩ ને સોંપવામાં આવેલ. જે બાબતે પ્રતિવાદી નં.૧ અને ૨ નાએ વધારાની ખોટ સહન કરી પ્રતિવાદી નં.૩ પાસેથી વાદવાળી કામગીરી કરાવેલી. બંને પક્ષકારો તરફે રજૂ થયેલ પુરાવાથી પ્રતિવાદી નં.૩ ને કોઈ કામગીરી સોંપેલ હતી અને તે કામગીરી અંગે વાદીને શું નાણાંકિય નુકશાની સહન કરવી પડેલ તે હકીકત કોર્ટ સમક્ષ યોગ્ય પુરાવાથી રજૂ કરેલ નથી. બીલ ઉપરાંત લીકવીડેટેડ ડેમેજ અંગે વાદીએ ભરેલ અર્નેસ્ટ મનીની રકમ બાબતે પણ પક્ષકારો વચ્ચે તકરાર છે. વાદીએ પોતાની ઉલટતપાસમાં સ્વીકારેલ છે કે વર્ક ઓર્ડર મુજબ અર્નેસ્ટ મનીની ભરેલ રકમ કામગીરી સમયસર પુરી ન થાય તો કપાત કરવામાં આવે છે. પ્રતિવાદી નં.૧–૨ ધ્વારા લીકવીડેટેડ ડેમેજની રકમ કપાત કરવામાં આવેલ તે પૈકી વાદી ધ્વારા પ્રતિવાદી નં.૧–૨ સમક્ષ રજૂઆત કરવામાં આવેલ જે રજૂઆત ધ્યાને લઈ પ્રતિવાદી નં.૧–૨ ધ્વારા અમુક રકમ વાદીને પરત આપી દીધેલ છે. જેથી આ અંગે પણ બંને પક્ષકારોએ ચોકકસ પુરાવો રજૂ કરેલ નથી કે કેટલી ચોકકસ રકમની લીકવીડેટેડ ડેમેજની રકમ પ્રતિવાદી નં.૧–૨ ધ્વારા કપાત કરવામાં આવેલ અને કેટલી રકમ વાદીને પરત કરવામાં આવેલ. વાદી તરફે બીલોની રકમ બાબતે સ્વીકારવામાં આવેલ છે કે, તેઓના બીલો પૈકી અમુક રકમની ચૂકવણી થઈ ગયેલ છે જયારે બાકી રહેતી રકમ બાબતે આંક–૨૧૮ થી સમરી રજૂ કરેલ છે. આ હકીકત પ્રતિવાદી તરફે પડકારેલ નથી, તેથી વિરૂધ્ધ વાદવાળો વ્યવહાર અને અમુક રકમની ચૂકવણી થયેલ હોવાની હકીકત પ્રતિવાદી પક્ષે સ્વીકારવામાં આવેલ છે. જેથી મુદા નં.૧ આંશિક રીતે પુરવાર થયાનું માનવાને કારણ રહે છે અને મુદા નં.૨ ની હકીકત પુરવાર થયેલ ન હોવાનું માનવાને કારણ રહે છે જેથી **મુદા નં.૧** નો જવાબ **આંશિક હકારમાં** અને **મુદા નં.૨** નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે.

<u>મુદા નંબર (૩) :</u>

(૧૦) પ્રતિવાદીની રજૂઆત એ છે કે, વાદીએ સમયસર કામગીરી પૂર્ણ ન કરતા તેઓએ પ્રતિવાદી નં.૩ ને તે કામગીરી સોંપવી પડેલી જે અંગેની રીસ્ક એન્ડ

કોસ્ટની નુકશાની રકમ તેઓ વાદી પાસેથી વસૂલ મેળવવા હકકદાર બને છે, પરંતુ પ્રતિવાદી નં.૩ નાએ આંક—૧૯ થી પોતાનો જવાબ રજૂ કરેલ છે અને જણાવેલ છે કે, વિસાવદર – વેકરીયા અને ટીટોડી – ખમીદાણા રૂટનું કામ પ્રતિવાદી નં.૩ કે માન્ય કોન્ટ્રાકટરને આપવામાં આવેલ નથી કે તેવા કોઈ કામનું ટેન્ડર ન હતું. જયારે વાદી અને પ્રતિવાદી નં.૧—૨ જણાવે છે કે, આ રૂટની કામગીરી હાલના વાદી પાસેથી લઈ પ્રતિવાદી નં.૩ ને આપવી પડેલી. તેથી આ મુદાની હકીકત પુરવાર કરવાનો બોજો પ્રતિવાદી ઉપર રહે છે. જયારે પ્રતિવાદી રીસ્ક એન્ડ કોસ્ટની રકમ વાદી પાસેથી મેળવવા હકકદાર હોવાની રજૂઆત કરતા હોય ત્યારે તે રીસ્ક એન્ડ કોસ્ટની રકમ અંગેની હકીકત પ્રતિવાદીએ પુરવાર કરવાની રહે છે. આ હકીકત અંગે પ્રતિવાદી તરફે આંક—૨૪૩(એ) થી પ્રતિવાદી સાહેદ ઓમપ્રકાશ ગણપતભાઈ રાવલની સરતપાસનું સોગંદનામું રજૂ થયેલ છે અને તે સોગંદનામા ઉપર વાદીના વિ.વકીલશ્રી ધ્વારા વિગતવાર ઉલટતપાસ કરવામાં આવેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, ''એ વાત ખરી છે કે, એચ.સી.એલ.ને લગભગ પોણા ત્રણસો ટકાના ભાવે ટીટોડી ખમીદાણાનું કામ આપવામાં આવેલ છે અને લગભગ અઢીસો ટકાના દરે વેકરીયા વિસાવદરનું કામ સોંપવામાં આવેલ છે. મને આંક—૨૨૨ બતાવવામાં આવે છે જે બીલ તા.૨૧/૦૩/૨૦૦૧ નું છે જે બીલ નં.૨૦ છે જેમાં રીસ્ક એન્ડ કોસ્ટના રૂા.૩,૪૪,૦૦૦/— કાપેલા છે, જેમાં દરેક કર્ન્સન ઓફિસરની સહીઓ થયેલ છે. એ વાત ખરી છે કે, આ દસ્તાવેજમાં કામ સંતોષકારક પૂર્ણ થયેલ હોવાનું સર્ટીફીકેટ છે અને રીસ્ક એન્ડ કોસ્ટના રૂા.૩,૪૪,૦૦૦/— કયા કામના કાપેલા છે તે દર્શાવેલ નથી. ઉપરોકત હકીકત જોતાં પ્રતિવાદી સંસ્થા ધ્વારા પ્રતિવાદી નં.૩ ને જે પોણા ત્રણસો અને અઢીસો ટકાના દરે કામ સોંપવામાં આવેલ હોવાની રજૂઆત કરેલ છે તે અંગેના દસ્તાવેજો આંક—૪૦૭ થી ૪૧૪ સુધી રજૂ કરેલ છે, પરંતુ આ દસ્તાવેજ બાબતે પ્રતિવાદી તરફે જે સાહેદને તપાસવામાં આવેલ છે તે દસ્તાવેજની હકીકતો અંગે સમર્થન આપતા નથી. તેઓ પોતાની ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારે છે કે, વાદીના બે વર્ક ઓર્ડરમાંથી રીસ્ક એન્ડ કોસ્ટની રકમ કપાયેલ છે. વાદી તરફે પણ આ હકીકત સ્વીકારવામાં આવેલ છે કે, તેઓ ધ્વારા વર્ક ઓર્ડર મુજબની કામગીરી સમયસર પૂર્ણ ન થતા તે કામગીરી પ્રતિવાદી નં.૩ ને સોંપવામાં આવેલી, પરંતુ

સામા પક્ષે પ્રતિવાદી તરફે આંક–૨૨૨ માં રૂા.૩,૪૪,૦૦૦/– રીસ્ક એન્ડ કોસ્ટના કપાયેલ તે કયા વર્ક ઓર્ડરના કપાયેલ છે અને કઈ કામગીરી અંગેના કપાયેલ છે તે અંગે સ્પષ્ટતા કરવામાં આવેલ નથી. તેથી એ હકીકત અંગે પ્રતિવાદી જે કામગીરી વાદી ધ્વારા સમયસર પૂર્ણ થયેલ ન હોય અને વાદીની કસૂરના કારણે અન્ય સંસ્થા પાસેથી કરાવવામાં આવેલ હોય તે કારણે આંક–૨૨૦ ના કરાર મુજબ રીસ્ક એન્ડ કોસ્ટની રકમ મેળવવા હકકદાર થતા નથી. જેથી **મુદા નં.૩** નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે.

<u>મુદા નંબર (૫) :</u>

(૧૧) વાદી ધ્વારા આંક–૭૪ ના સોગંદનામામાં પ્રતિવાદી તરફે લેવાયેલ ઉલટતપાસમાં એ હકીકત સ્વીકારેલી છે કે, તેઓએ બેંક ગેરેંટી પેટે તથા સિકયોરીટી ડીપોઝીટ પેટેની રકમ પ્રતિવાદી સંસ્થાને વર્ક ઓર્ડર ઈસ્યુ થતા ચૂકવી આપેલી. આ હકીકત અંગે પ્રતિવાદી તરફે પણ કોઈ તકરાર નથી. વાદી ધ્વારા પ્રતિવાદી સંસ્થાએ જે કામગીરી સોંપેલ તે અંગે અમુક કામગીરી પૂર્ણ કરી દીધેલ અને અમુક કામગીરી અંગે પ્રતિવાદી નં.૩ ને કામગીરી સોંપેલ જે કામગીરી અંગે પણ ચોકકસ હિસાબ પક્ષકારો તરફે રજૂ થયેલ નથી, પરંતુ તે હકીકત સ્પષ્ટ છે કે જે બાબતે વર્ક ઓર્ડર ઈસ્યુ થયેલ હતા તે કામગીરી પૂર્ણ થયેલ છે તેથી પક્ષકારો વચ્ચે થયેલ કરારની શરતો મુજબ વાદી જયારે કામગીરી પૂર્ણ થયેલી છે તેવું પુરવાર કરી બતાવતા હોય ત્યારે બેંક ગેરંટી તથા સિકયોરીટી ડીપોઝીટ પેટે મુકેલ રકમ પરત મેળવવા હકકદાર થાય છે તેમ માનવાને કારણ રહે છે. તેથી **મુદા નં.૫** નો જવાબ **હકારમાં** આપવામાં આવે છે.

<u>મુદા નંબર (૬) :</u>

(૧૨) સદર કામે વાદી ધ્વારા હાલના દાવામાં રૂપિયા વીસ લાખ જેટલી રકમ વસૂલ મેળવવાની હકીકત જણાવી દાવો દાખલ કરેલ છે. વાદીએ હાલનો દાવો હિસાબ ચોખ કરવા અને વિજ્ઞાપન તેમજ મનાઈ હુકમ મેળવવા દાખલ કરેલ છે. દાવાની હકીકત જોતાં પક્ષકારો વચ્ચે કરારમાં જે નાણાંકિય વ્યવહાર થયેલ તે અંગે વાદી તરફે આંક–૨૧૮ થી બાકી નીકળતી રકમ અંગેની સમરી રજૂ

કરવામાં આવેલ છે અને પોતાની દાવા અરજીના પારા–૧૯ માં પણ તે રકમ વસૂલ લેવાની દાદ માંગવામાં આવેલ છે. આ હકીકત જોતાં સ્પષ્ટ કહી શકાય કે વાદીએ હાલનો દાવો લેણી રકમ વસૂલ લેવા કરેલ છે. વાદી તરફે જે પુરાવો થયેલ છે તે જોતાં પણ વાદીએ દાવાવાળા બીલ અંગે માંગ્યા મુજબની રકમ મેળવવા હકકદાર છે તેમ કહી શકાય. તેથી આ કામે વાદીનો દાવો રૂપિયા વીસ લાખ કે તેવી કોઈ રકમ વસૂલ મેળવવાનો છે તેથી રૂપિયા વીસ લાખ ઉપર ભરવાપાત્ર કોર્ટ ફી ભરવા વાદી જવાબદાર છે તેવી હકીકત માવનાને કારણ રહે છે. જેથી સ્પષ્ટ રીતે વાદી પોતે માંગ્યા મુજબની રકમ પર કોર્ટ ફી ચૂકવવા જવાબદાર બને છે, પરંતુ જયારે વાદીએ ખુટતી કોર્ટ ફી સાથે દાવો કરેલ હોય ત્યારે કોર્ટ વાદીને બાકીની કોર્ટ ફી રજૂ કરવા હુકમ કરી શકે છે અને વાદી જયારે તે ખુટતી કોર્ટ ફી ન ભરે ત્યારે કોર્ટ દાવો રદ કરશે. આ મુજબની જોગવાઈ દિવાની કાર્યરીતિ સંહિતાના આદેશ–૭, નિયમ–૧૧ માં કરવામાં આવેલ છે. જયરે ખુટતી કોર્ટ ફી સાથે દાવો દાખલ થયેલ છે તેવું કોર્ટને લાગે ત્યારે દિવાની કાર્યરીતિ સંહિતાના આદેશ–૭, નિયમ–૧૧ નીચે સીધો દાવો કાઢી નાખવામાં આવશે નહીં, પરંતુ વાદીને તે ખુટતી કોર્ટ ફી રજૂ કરવા તક આપવામાં આવશે તેવી સ્પષ્ટ જોગવાઈ છે. જે હકીકત હાલના ચૂકાદાના તબકકે મુદા નં.૬ સાથે નિર્ણિત કરી સદર કામે પ્રતિવાદી તરફે આંક–૬૯ થી રજૂ થયેલ અરજી દિવાની કાર્યરીતિ સંહિતાના આદેશ–૭, નિયમ–૧૧ મુજબ અપુરતી કોર્ટ ફીનો બાધ નડતો ન હોય નામંજૂર કરવામાં આવે છે. જેથી દાવાની હકીકત જોતા હાલના દાવાને અપુરતી કોર્ટ અંગેનો કોઈ બાધ હોવાનું માની શકાય તેમ ન હોય અને તે કારણસર દાવો સીધેસીધો રદ થવાપાત્ર ઠરતો નથી, પરંતુ તે ખુટતી કોર્ટ ફી ભરપાઈ કરી આપવા વાદીને હુકમ કરવાનું ન્યાયી અને યોગ્ય જણાય આવે છે. જેથી **મુદા નં.૬** નો જવાબ **નકારમાં** આપવામાં આવે છે.

<u>મુદા નંબર (૪) અને (૭) :</u>

(૧૩) સદર કામે વાદીએ પ્રતિવાદી સંસ્થા ધ્વારા જે વર્ક ઓર્ડર આપવામાં આવેલ અને તે મુજબની જે કામગીરી વાદીએ પુરી કરેલ તે અંગેનો હિસાબ મેળવવા અને બાકી નીકળતી રકમ વસૂલ લેવા દાવો દાખલ કરેલ છે. વાદીએ પોતાની દાવા અરજીમાં તેઓએ કુલ રૂા.૨૦,૩૧,૯૭૩/– ની કામગીરી કરેલ તે અંગેના બીલની

માંગણી કરેલ છે અને તે મુજબ તે રકમ મેળવવા હકકદાર છે તેવું જણાવેલ છે. જયારે રજૂ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરતા અને આંક–૨૧૮ વાળો દસ્તાવેજ જોતાં રૂા.૧૯,૨૨,૯૨૯/– જેટલી રકમ વસૂલ મેળવવા વાદી હકકદાર છે તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે જેથી મુદા નં.૧ નો જવાબ આંશિક રીતે હકારમાં આપવામાં આવેલ છે. વાદીએ દાવાવાળી રકમ ઉપર ૨૪% લેખે વ્યાજની પણ માંગણી કરેલી છે, પરંતુ પક્ષકારો તરફે રજૂ થયેલ આંક–૨૨૦ નો કરાર અને આંક–૯૪ નો વર્ક ઓર્ડર જોતાં પક્ષકારો વચ્ચે જે નાણાંકિય વ્યવાહર થયેલ તે વ્યવહારના કારણે વાદી સમયસર કામગીરી પૂર્ણ કરે તો ૨૪% લેખે વ્યાજ ચૂકવવા પ્રતિવાદી સંસ્થા જવાબદાર રહેશે તેવી કોઈ જોગવાઈ કરારમાં થયેલ નથી અને જયારે કોઈ પક્ષકારો વચ્ચે કરારથી વ્યાજ અંગેની રકમ નકકી કરવામાં આવેલ ન હોય ત્યારે સામાન્ય રીતે દિવાની કાર્યરીતિ સંહિતાની કલમ–૩૪ ની જોગવાઈ ઘ્યાને રાખી રીઝર્વ બેંક અને રાષ્ટ્રીયકૃત બેંકના પ્રવર્તમાન વ્યાજના દર મુજબ વ્યાજ આપવાનું યોગ્ય અને વ્યાજબી જણાતું હોય જેથી **મુદા નં.૪ અને ૭** નો જવાબ **આંશિક રીતે હકારમાં** આપી **મુદા નંબર ૮** બાબતે ન્યાયના હિતમાં નીચે મુજબનો **આખરી હુકમ** કરવામાં આવે છે.

<u>–:: હુ ક મ ::–</u>

(૧) વાદીનો દાવો આથી અંશતઃ મંજૂર કરવામાં આવે છે.

(૨) આ કામના વાદી દાવામાં જણાવ્યા મુજબની વિગતેના બાકી બીલોની કુલ રકમ રૂા.૧૯,૨૨,૯૨૯/– (અંકે રૂપિયા ઓગણીસ લાખ બાવીસ હજાર નવસો ઓગણત્રીસ પુરા) આ કામના પ્રતિવાદી નં.૧–૨ નાઓ પાસેથી વસૂલ મેળવવા હકકદાર હોવાનું અને સદરહુ રકમ ચૂકવવા પ્રતિવાદી નં.૧–૨ નાઓ જવાબદાર હોવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૩) આથી એવો હુકમ કરવામાં આવે છે કે, આ કામના વાદીની દાવામાં જણાવ્યા મુજબની વિગતેના બાકી બીલોની કુલ રકમ રૂા.૧૯,૨૨,૯૨૯/– (અંકે રૂપિયા ઓગણીસ લાખ બાવીસ હજાર

નવસો ઓગણત્રીસ પુરા) આ કામના પ્રતિવાદી નં.૧–૨ નાઓએ દાવા દાખલ તા.૨૦/૦૨/૨૦૦૪ થી વસૂલ આપતા સુધી વાર્ષિક ૬% ના સાદા વ્યાજ સાથે વાદીને વસૂલ આપવી.

(૪) આ કામના વાદીએ સિકયુરીટી ડીપોઝીટ તરીકે આપેલ બેંક ગેરંટી આ કામના પ્રતિવાદી નં.૧–૨ નાએ છુટી કરી આપવી તેવો હુકમ ફરમાવવામાં આવે છે.

(૫) આ કામના વાદીએ ખુટતી કોર્ટ ફી સ્ટેમ્પ હુકમની તારીખથી દિન–૧૫ માં ભરપાઈ કરી આપવી.

(૬) દાવાનો ખર્ચ પક્ષકારોએ જાતે ભોગવવો.

(૭) હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજ તારીખ **<u>છવ્વીસમી</u>**, માહે **<u>ઓગષ્ટ</u>**, સને **<u>૨૦૧૯</u>** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : જૂનાગઢ
તારીખ : ૨૬/૦૮/૨૦૧૯.

(બિંદુ ગોપીક્રિષ્ના અવસ્થી)
મુખ્ય સિનિયર સિવિલ જજ,
જૂનાગઢ.
(Code : GJ-00810)